# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૨૯–૭– ૨૦૧૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# 'ચેલેન્જિસ એન્ડ ઓપોર્ચ્યુનિટીસ ઓન એક્ષપોર્ટસ ઓફ હેન્ડીક્રાફટસ' વિશે એક દિવસિય વર્કશોપ યોજાયો

સુરતઃધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડીક્રાફટસના સંયુકત ઉપક્રમે'ચેલેન્જિસ એન્ડ ઓપોર્ચ્યુનિટીસ ઓન એક્ષપોર્ટસ ઓફ હેન્ડીક્રાફટસ' વિશે એક દિવસિય વર્કશોપ યોજાઈ હતી.
આ વર્કશોપમાં મુખ્ય મહેમાન તરીકે એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડીક્રાફટસના ચેરમેનશ્રી અરવિંદ વાઢેરા તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.હેન્ડીક્રાફટસ ઉત્પાદનોના એક્ષપોર્ટની પ્રક્રિયા અંગે મહત્વની જાણકારી આ વર્કશોપમાં આપવામાં આવી હતી.આ આયોજનમાંધી સુરત જરી મેન્યુફેકચરર્સ એસોસિયેશન તથા હેન્ડીક્રાફટ એન્ડ કોટેજ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન સહભાગી બન્યા હતા.

ચેમ્બર પ્રમુખશ્રી રોહિત મહેતાએ ઉદઘાટન સત્રમાં આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરી સ્વાગત વકતવ્યમાં કહયું હતું કે,દક્ષિણ ગુજરાતમાં હેન્ડીક્રાફટને ઉદ્યોગનો દરજ્જો મળ્યો છે અને અહીં એના વિકાસ માટે પણ ઘણી તકો છે.હેન્ડીક્રાફટસ ઉત્પાદનોને જો વિદેશના માર્કેટનો લાભ મળે તો એના વિકાસને વધુ ગતિ મળી શકશે.એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડીક્રાફટસનું મુખ્ય કાર્ય હેન્ડીક્રાફટસના ઉત્પાદકોને આંતરરાષ્ટ્રીય બજાર સાથે સાંકળી લેવા માટે માર્કેટીંગની તથા એક્ષપોર્ટ પ્રક્રિયા અંગેની જાણકારી આપવાનું છે.આજે એ આશય સાથે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.આશા છે કે આ વર્કશોપ ભાગ લેનાર તમામને માટે ઉપયોગી પુરવાર થશે.

એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડીક્રાફટસના વેસ્ટર્ન રીજિયનના સીઓએશ્રી અમિર ઝવેરીએ સમારંભના મુખ્ય મહેમાન તથા એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડીક્રાફટસના ચેરમેનશ્રી અરવિંદ વાઢેરાનો પરિચય આપ્યો હતો.

હેન્ડીક્રાફટ એન્ડ કોટેજ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના પ્રમુખશ્રી મહેશ જોગાણીએ કાર્યક્રમની પૂર્વભુમિકા બાંધતા કહયું હતું કે,હેન્ડીક્રાફટના એક્ષ્પોર્ટ માટેની પ્રક્રિયા તથા સ્થાનિક બજારમાં માર્કેટીંગ માટેની જાણકારી તથા એ માટે મળી શકતા સરકારી યોજનાઓના લાભો વિશે પણ જાણકારી મળી શકે એ આજના વર્કશોપના આયોજનનો મુખ્ય આશય છે.

સુરત જરી મેન્યુફેકચરર્સ એસોસિયેશનના પ્રમુખશ્રી રમણભાઈ જરીવાળાએ સુરતના જરી ઉદ્યોગ વિશે જાણકારી આપતાં કહયું હતું કે,સુરતની જૂની ઓળખ એટલે જરી ઉદ્યોગ.અત્યારે પણ આ ઉદ્યોગમાં એક લાખથી વધુ લોકો સક્રિય છે.જરીને હવે તો જયોગ્રોફિકલ આઈડેન્ટીફિકેશન પણ મળ્યું છે.જે ખૂબ સારી વાત છે.તેમણે હેન્ડીક્રાફટમાં જરીને પણ માન્યતા માટે રજૂઆત પણ કરી હતી.

સ્મોલ સ્કેલ મેન્યુફેકચરર્સ એક્ષ્પોર્ટર્સ એસોસિયેશનના ચેરપર્સન કુ.રીટા નહાટાએ હસ્ત શિલ્પકલા સંવર્ધનના મહત્વ તથા એના વિકાસ તથા માર્કેટીંગ વિશે તથાએક્ષ્પોર્ટના મહત્વ વિશે  જાણકારી આપી હતી.

એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડીક્રાફટસના ત.ભુ.ચેરમેનશ્રી આર.કે.મલ્હોત્રાએ પોતાના વકતવ્યમાં કહયું હતું કે,ગુજરાતમાં હસ્તકલાનું ચલણ સૌથી વધુ છે.તેમણે કાઉન્સિલની કામગીરીની જાણકારી આપી હતી.જાગૃતિ માટે અમે સેમિનારોનું આયોજન પણ કરીએ છીએ.તેમણે હેન્ડીક્રાફટ ઉદ્યોગના વિસ્તૃત ફલકની પણ જાણકારી આપી હતી.દેશવિદેશમાં યોજાતા પ્રદર્શનોમાં કઈ રીતે ભાગ લઈ શકાય તની માહિતી પણ આપી હતી.

એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડીક્રાફટસના ચેરમેનશ્રી અરવિંદ વાઢેરાએ પોતાના પ્રાસંગિક વકતવ્યમાં કહયું હતું કે,જરી પણ એક્ષ્પોર્ટની બાબત છે એને પણ પ્રોત્સાહન આપવાની જરૂર છે.તેમણે હેન્ડીક્રાફટસના એક્ષ્પોર્ટ માટે આવશ્યક કવોલિટી અને જથ્થા વિશે જાણકારી આપી હતી. કાઉન્સિલ તરફથી મળી શકતી તમામ સહાય અને સહકાર માટે તેમણે ખાતરી આપી હતી.એક્ષ્પોર્ટ માટેના ઉત્પાદનના પેકેજિંગના મહત્વ વિશે પણ તેમણે માહિતી આપી હતી.
ઉદઘાટન સત્રની આભારવિધિ ચેમ્બરના ઉપ પ્રમુખશ્રી પરેશ પટેલે આટોપી હતી.

ટેકનિકલ સેશનમાં નિષ્ણાત વકતા અને રીટેલ માર્કેટીંગના સીનિયર કન્સલ્ટન્ટ શ્રી મોહમ્મદ ઈકબાલ પરવેઝે રીટેલ માર્કેટીંગમાં ક્ષમતા અને તકો વિશે વિસ્તૃત વકતવ્ય પ્રેઝન્ટેશન સાથે રજૂ કર્યુ હતું.
નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ બેન્કીંગના પૂ.પ્રોફેસર તથા ઈન્ટરનેશનલ માર્કેટીંગ નિષ્ણાત શ્રી કે.કે.જિંદાલે એક્ષ્પોર્ટ માર્કેટીંગ,પ્રક્રિયા અને ચૂકવણાની શરતો વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.
ડેવલપમેન્ટ કમિશ્નર હેન્ડીક્રાફટસ,અમદાવાદના આસિસ્ટન્ટ ડાયરેકટરશ્રી ઈલ્યાસખાને ભારત સરકારની ટેક્ષ્ટાઈલ મંત્રાલયની એક્ષ્પોર્ટ માર્કેટીંગ સ્કીમ્સ વિશે અતિ ઉપયોગી જાણકારી આપી હતી.ટેકનીકલ સેશનના અંતે ભાગ લેનારાઓ ધ્વારા પુછાયેલા પ્રશ્નોના વકતાઓએ સંતોષકારક ઉત્તરો આપ્યા હતા.